For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# દિવાળી પહેલા જ ટ્રાવેલિંગ કરવામાં ‘હોળી’

**ઉત્તર** ભારતીયો 14 કલાક સુધી લાઇનમાં ઊભા રહેવા માટે મજબૂર

**મનોર** હાઇવે પર 20 કિમીનું અંતર કાપતા 3થી 4 કલાક નીકળી જાય છે.

દિવાળીને આડે હવે બે કે ત્રણ દિવસ જ બાકી છે ત્યારે માસ ટ્રાન્સપોર્ટમાં ટ્રાવેલિંગ કરવું હોય કે પછી ખાનગી વાહનો હોય મુસાફરો ભારે તકલીફનો સામનો કરી રહ્યાં છે. હાઈવેની વાત કરીએ તો મનોરથી ઘોડબંદર સુધી માર્ગનું કામ ચાલી રહ્યું છે જેના કારણે માત્ર 20 કિલોમીટરનું અંતર કાપતા ત્રણથી ચાર કલાક નીકળી જાય છે. એટલું જ નહીં અમદાવાદ સુરતના જૂના હાઈવે પર પણ ટ્રાફિક જામની સમસ્યા જોવા મળી રહી છે તેમ ટ્રાવેલ સંચાલક યુસુફભાઈ ઝુલુએ જણાવ્યું હતું, તો બીજી તરફ ઉધના રેલવે સ્ટેશન પર ઉત્તર ભારત તરફ જતાં મુસાફરોને

...અનુસંધાન પાના ૭ પર



## ખાનગી બસના સંચાલકો ટ્રિપલ ભાડું વસૂલી રહ્યા છે

**STને** દિવાળી પહેલા જ ૭૨ લાખથી વધુની આવક

સુરતઃ દિવાળીના તહેવારની ઉજવણી માટે સૌરાષ્ટ્ર, રાજકોટ, પોરબંદર, ઉત્તરગુજરાત, દાહોદ અને પંચમહાલના લાખો લોકો સુરતથી પોતાના વતન તરફ પરિવાર સાથે દોટ મૂકી રહ્યા છે. આ ભારે ભીડને પહોંચી વળવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમ (એસટી નિગમ) દ્વારા વિશેષ આયોજન હેઠળ ૧૬૦૦ જેટલી વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. છતાં પણ બસમાં બેસવાની વાત તો દૂર રહી ઉભા રહેવાની પણ જગ્યા મળી રહી નથી. આ તકનો ગેરલાભ ખાનગી બસ સંચાલકોએ શરુ કરી દીધો છે અને ટ્રીપલ ભાડું વસૂલવામાં આવી રહ્યું છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, દિવાળીના સમયે રાજ્યના નાગરિકોને તેમના વતન સુધી પહોંચાડવા માટે વધારાની બસોનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, અમદાવાદ, પંચમહાલ અને દાહોદ જેવા વિસ્તારોને જોડતી બસો દોડાવવામાં આવી રહી છે. ૧૬ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધીના ચાર દિવસમાં કુલ ૩૬૨ વધારાની બસો દોડાવવામાં આવી, જેનાથી અંદાજે ૧૯,૨૮૪ મુસાફરોએ મુસાફરીનો લાભ લીધો હતો. આ ચાર દિવસ દરમિયાન એસટી નિગમને ૩.૭૨,૨૨,૯૩૦ની નોંધપાત્ર આવક થઈ છે. જો કે તેમ છતાં પણ બસમાં ઉભા રહેવાની પણ જગ્યા યાત્રીને મળતી નથી તો ખાનગી સંચાલકોએ જે ભાડું પહેલા 500 હતું તે હવે 1500 થઇ ગયું છે.

**ભાવોમાં અનિશ્ચિતતા વચ્ચે બુલિયન્સ પાસે સોના-ચાંદીની ઈંટોનો સ્ટોક ઝીરો**

# જ્વેલર્સને ધનતેરસ ફળી, રૂપિયા 110 કરોડનો વેપાર

**પુરવઠા** અને માંગમાં ઘટાડો થવાને કારણે ગયા વર્ષની સરખામણીમાં ટ્રેડિંગ વોલ્યુમ આશરે 30-40% ઓછું રહ્યું

**14** કેરેટ અને 9 કેરેટની લેબગ્રોન ડાયમંડ જ્વેલરી ખરીદીમાં ઉત્સાહજનક વલણ

સુરતઃ પુષ્ય નક્ષત્રનો વેપાર ફિક્કો રહ્યાં પછી આજે ધનતેરસનાં શુભ મુહૂર્તે સોના-ચાંદીના સિક્કાઓ અને લાઇટ વેઇટ જ્વેલરીનો સારો વેપાર રહ્યો હતો. ખાસ કરીને લેબગ્રોન ડાયમંડ જડિત સિલ્વર અને 18/22 કેરેટ ગોલ્ડ જ્વેલરીનો વેપાર ઠીકઠાક રહ્યો હતો.

ઇન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે આજે ધનતેરસના શુભ પ્રસંગે, સુરતના સોના અને ચાંદી બજારમાં ઘણો ઉત્સાહ જોવા મળ્યો હતો. જો કે, ગયા વર્ષની સરખામણીમાં ટ્રેડિંગ વોલ્યુમ આશરે 30-40% ઓછું હતું. આ ઘટાડો મુખ્યત્વે પુરવઠામાં અને માંગમાં ઘટાડો થવાને કારણે છે.

આવતીકાલથી, બજારમાં ચાંદી ઉપલબ્ધ નહીં હોવાની ધારણા છે. સોનાના કિસ્સામાં, દિવાળી પછીની સીઝન માટે લગ્ન સંબંધિત ખરીદી પણ આ વર્ષે ઓછી છે, કારણ કે ગ્રાહકો વધતા ભાવ અને મર્યાદિત ઉપલબ્ધતાને કારણે રાહ જોઈ રહ્યા છે.

મોટાભાગના વ્યવહારો સંપૂર્ણ એડવાન્સ પેમેન્ટના આધારે કરવામાં આવી રહ્યા છે, કારણ

...અનુસંધાન પાના ૭ પર



(તસવીર : સતીષ જાદવ)

### સોનાના ભાવ હજુ પણ મધ્યમ વર્ગની ખરીદશક્તિની બહાર, ભાવો તૂટવાની રાહ જોવાય છે

સોનાનાં ભાવ હજી પણ મધ્યમવર્ગની ખરીદ શક્તિની બહાર હોવાનું લાગી રહ્યું છે. લગ્નસરાની સીઝન માટે ધનતેરસે 9, 14, 18 કેરેટ જ્વેલરીની ડિલિવરી લેવામાં આવી હતી. 17 ઓક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં ફેરફાર આવ્યો હતો, એને લીધે પણ લોકો ભાવ તૂટે એની રાહ જોઈ રહ્યાં છે. ધનતેરસના દિવસે સોના, ચાંદીના સિક્કાઓ, ચાંદીના ભગવાનના દાગીના માટે બુકિંગ મળ્યું હતું. મધ્યમવર્ગના પરિવારની વધુ ડિમાન્ડ લગ્નસરા માટે 18 કેરેટ જ્વેલરીની વધુ રહેશે. 9 અને 14 કેરેટની પણ માંગ રહી છે. સોનાના 2/5 ગ્રામના

...અનુસંધાન પાના ૭ પર

### સુરતમાં ધનતેરસે વાહનોની ડિલિવરી લેવાઈ, લક્ઝુરિયસને બદલે સેડાન કારનું વેચાણ સારું રહ્યું

સુરતમાં ધનતેરસે વાહનોની ડિલિવરી લેવાઈ હતી. લક્ઝુરિયસને બદલે સેડાન કારનું વેચાણ સારું રહ્યું હતું. એવી જ રીતે મોટી સંખ્યામાં ટુ વ્હીલર વાહનોનું વેચાણ થયું હતું. ધનતેરસ માટે રજિસ્ટ્રેશનની આ લહેર વચ્ચે ટુ-વ્હીલર અને સ્કૂટરોનું રજિસ્ટ્રેશન 2454 સુધી પહોંચી ગયું હતું, જે આ શ્રેણીમાં સૌથી વધુ છે. આ સિવાય મોપેડની સંખ્યા 806, મોટરસાઇકલ (25 સીસી)ની સંખ્યા 173 અને કારોનું રજિસ્ટ્રેશન 690 રહ્યું હતું, જ્યારે ટ્રક અને બસની સંખ્યા ક્રમશઃ 127 અને 11 જેટલી રહી હતી. 183 થ્રી વ્હીલર અને 74 ગુડ્ઝ વાહનોનું રજિસ્ટ્રેશન થયું હતું.

### આ વર્ષે સૌથી વધુ 12253 વાહનોની ખરીદી

સુરતમાં નવરાત્રિથી દશેરા સુધી મોટી સંખ્યામાં વાહનોનું વેચાણ થયું છે. 20 સપ્ટેમ્બરથી 10 ઓક્ટોબર વચ્ચે નાનાં-મોટાં 12253 વાહનોની ખરીદી થઈ હતી. નવરાત્રિથી દશેરા સુધી ઓટો ડીલરોએ બુક કરાવેલા વાહનોની ડિલિવરી આજે ધનતેરસના દિવસે કરવામાં આવી હતી. આ વખતે સૌથી વધારે ટૂ-વ્હીલરનું વેચાણ થયું છે, જો કે ગત વર્ષ કરતા લક્ઝરી કારોનું વેચાણ ઓછું થયું છે. ડાયમંડ અને ટેક્સટાઇલમાં મંદીની અસર કારના વેચાણ પર જોવા મળી છે, જો કે કંપનીઓ વાહનના વેચાણમાં વધારા માટે નવી-નવી સ્કીમ લાવી ગ્રાહકોને આકર્ષિત કરી રહી છે. નવરાત્રીના પ્રારંભે જ તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. 10 દિવસમાં 4577 વાહનોનું રજિસ્ટ્રેશન નોંધાયું હતું.

# સુરતમાં ધનતેરસે વરસાદની ‘દિવાળી’, છૂટોછવાયો પડ્યો

**અરબ** સાગરમાં સર્જાયેલી સાયક્લોનિક સિસ્ટમની દક્ષિણ ગુજરાત ઉપર અસરકારક પ્રભાવ

**૨૧-૨૨** ઓક્ટોબરે વાદળછાયું વાતાવરણ અને વરસાદની શક્યતા



સુરતઃ શહેરમાં શનિવારે વાતાવરણમાં એકાએક પલટો જોવા મળ્યો હતો. શુક્રવારથી જ વાતાવરણમાં ફેરફાર જોવા મળ્યો હતો, પરંતુ શનિવારે અનેક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં ઠંડકનો અહેસાસ થયો હતો. ધનતેરસના દિવસે વરસાદ પડતાં લોકો અકળાયા હતા.

અરબ સાગરમાં હાલ એક સાયક્લોનીક સિસ્ટમ સર્જાઈ છે, જે સાઉદી અરબ તરફ આગળ વધશે. તેની અસર દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરત વિસ્તારમાં દેખાઈ રહી છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં વાદળછાયું માહોલ અને ભેજાળ પવનના કારણે લોકોમાં દિવાળીના તહેવાર દરમિયાન વરસાદી માહોલને લઈને ચિંતા ફેલાઈ છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી 21 અને 22 ઓક્ટોબરના રોજ શહેરમાં વાદળછાયું વાતાવરણ સાથે છૂટાછવાયા ઝાપટાં પડવાની સંભાવના છે. ધનતેરસના દિવસે શરૂ થયેલા આ હવામાન પરિવર્તનને કારણે લોકોમાં એક પ્રકારની અનિશ્ચિતતા છે કે દિવાળી દરમિયાન આકાશ સાફ રહેશે કે વરસાદી ઝાપટાં સાથે ઉજવણી કરવી પડશે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, શનિવારે

...અનુસંધાન પાના ૭ પર

**કેટલો પડ્યો તે ભગવાન જાણે**

## સુરતનો ફલડ કંટ્રોલ રૂમ બંધ થયો ને વરસાદ પડ્યો

**દિવાળીના** તહેવાર ટાંણે જ વેસુ, પીપલોદ અને ડુમસ વિસ્તારમાં તોફાની પવન સાથે વરસાદ પડતા રંગમાં ભંગ પડ્યો

સુરતઃ હવામાન ખાતાની આગાહી મુજબ જ શહેરમાં દિવાળીના તહેવારોની શરૂઆતમાં જ અણધાર્યા વરસાદે લોકોના ઉત્સાહ પર પાણી ફેરવી દીધું છે. ખાસ કરીને ધનતેરસના પાવન પર્વ પર, શહેરના વાતાવરણમાં મોટો પલટો જોવા મળ્યો હતો. બપોરના સમયથી અનુભવાતા અસહ્ય બફારા અને ગરમીથી રાહત મેળવવાની આશા વચ્ચે આકાશમાં ઘેરાયેલા વાદળોએ જોરદાર વરસાદ સ્વરૂપે એન્ટ્રી કરી હતી. જો કે ચોમાસાની વિધિવત વિદાય સાથે 30 સપ્ટેમ્બરથી ફલડ કંટ્રોલ રૂમ બંધ કરી દેવાયો છે, ત્યારે હવે કેટલો વરસાદ પડ્યો, તેનું અનુમાન પણ શકય નથી.

આજે શહેરના કેટલાક વિસ્તારોમાં પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. મુખ્યત્વે વેસુ અને પીપલોદ, વેસુ વીઆઈપી રોડ, ડુમસ રોડ વિસ્તારોમાં વરસાદ પડતા રસ્તાઓ જળબંબોળ બન્યા હતા. તહેવારના માહોલમાં અચાનક આવેલો વરસાદ લોકોની ખરીદી અને આયોજનમાં વિઘ્ન બન્યો હતો. ભારતીય હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ મુજબ, આગામી 20, 21 અને 22 ઓક્ટોબર (જે દિવાળી અને બેસતા વર્ષના દિવસો છે).

દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આગાહીમાં તાપી, ડાંગ, સુરત, વલસાડ અને નવસારી જેવા જિલ્લાઓમાં કમોસમી માવઠું પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની આ આગાહીને કારણે દિવાળી અને બેસતા વર્ષના તહેવારોની ઉજવણી પર પાણી ફરી વળે તેવી શક્યતા છે.

### ખરીદીના સ્ટોલમાં મૂકેલા ફટાકડા અને કપડાં સહિતની વસ્તુઓને નુકસાન

અચાનક આવી પડેલા વરસાદના કારણે ખરીદીના સ્ટોલમાં પડેલો ફટાકડા અને કપડા સહિતનો સામાન પલળી ગયો હતો. વરસાદના કારણે ખરીદી કરવા આવેલા લોકોમાં પણ ચિંતા થઈ હતી. જો વરસાદી માહોલ આવનારા દિવસોમાં પણ ચાલુ રહેશે તો ફટાકડા અને અન્ય વસ્તુઓનો વેપાર પણ પ્રભાવિત થવાની શક્યતા છે, હજી પણ માવઠાની શક્યતા છે.

## હજીરામાં પાંચ માસનું બાળક રહસ્યમય આગમાં ભડથું

**નીંદર** માણી રહ્યું હતું ને પલંગમાં આગ લાગી, સારવાર સુદ્ધાં નસીબ ન થઈ

**ઘરના** મંદિરમાં સળગાવેલા દીવાથી આગ લાગી હોવાનું અનુમાન

સુરતઃ હજીરામાં શાહ પરિવારનો પાંચ મહિનાનો બાળક, નાના પલંગમાં રહસ્યમય સંજોગોમાં આગ લગતા ગંભીર રીતે દાઝી ગયો હતો. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના આરાના વતની અને હાલમાં હજીરા માતા ફળિયામાં રહેતા રામ ખેતાન શાહ, હજીરાની ખાનગી કંપનીમાં નોકરી કરી પત્ની રીના દેવી અને 3 સંતાન સહિતના પરિવારનું ભરણપોષણ કરે છે. રામના 3 સંતાન પૈકી પાંચ મહિનાનો પુત્ર પિયુષ શનિવારે સવારે ઘરમાં નાના પલંગ પર સૂતેલો હતો. માતા રીના દેવી ઘરકામમાં વ્યસ્ત હતા. તે સમયે રહસ્યમય સંજોગોમાં નાના પલંગમાં આગ લાગતા પિયુષ ગંભીર રીતે દાઝી ગયો હતો.

તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પોલીસે કહ્યું કે, ઘરના મંદિરમાં

...અનુસંધાન પાના ૭ પર

### એક, બે અને પાંચ પૈસાની આજે પણ પૂજા થાય છે



■ શનિવારે ધનતેરસની સમગ્ર શહેરમાં ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે લક્ષ્મીમાતાજીની સાથે ધનની પણ પૂજા કરવામાં આવે છે. હિન્દુ સમાજ ધનને લક્ષ્મીનું સ્વરૂપ જ ગણે છે. જેના કારણે હાલ ભલે ચલણમાં નહીં હોય તેવા એક, બે અને પાંચ પૈસાની પણ દરેક ઘરોમાં પૂજા કરવામાં આવી હતી. (તસવીર : હેમંત ડેરે)

## પાર્લે પોઈન્ટ પર ધોળે દિવસે ચેઈન સ્નેચિંગ

**મહિલાની** રૂ.98 હજારની સોનાની ચેઇન લૂંટી સ્નેચર ફરાર

**સર્જન** સોસાયટી પાસે બનેલી ઘટના બાદ પોલીસે સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી

સુરતઃ ઉમરા વિસ્તારમાં ધોળે દિવસે પાર્લે પોઈન્ટ રોડ પર 50 વર્ષીય મહિલાની ગળામાંથી અજાણ્યા શખ્સે મોપેડ પર આવી સોનાની ચેઈન ખેંચી લૂંટી નાસી છૂટ્યો હતો.

સિટીલાઈટ વિસ્તારમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ અપાર્ટમેન્ટમાં અંકિતાબેન મનિષભાઈ શાહ (ઉ.વ.50) તા.17 ઓક્ટોબર, 2025ના રોજ બપોરેબંગલા નં.81, સર્જન સોસાયટી પાસે પાર્લે પોઈન્ટ જાહેર રોડ પર ઊભા હતા. ત્યાં અચાનક ગ્રે કલરની મોપેડ (નં. GJ 05 NU 0918) પર આવેલો એક અજાણ્યો શખ્સ ઝડપથી તેમના નજીક આવ્યો અને ક્ષણમાં જ અંકિતાબેનના ગળામાં પહેરેલી ડાયમંડ પેન્ડન્ટવાળી સોનાની ચેઈન (વજન અંદાજે 10 થી 15 ગ્રામ, કિંમત રૂ.98,000) ઝટકે ખેંચી લઈ મોપેડ પર ફરાર થઈ ગયો હતો. ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યા બાદ CCTV કેમેરા ફૂટેજ સાથે મોપેડનો નંબર મળી આવતા પોલીસે વાહનના માલિકનો પતો મેળવવા RTO સાથે પણ સંપર્ક કર્યો છે.

**ગુમ થયેલ છે**

અમારી કંપની હિમસન ઇન્ડસ્ટ્રીઅલ સિરામિકનું એક બોક્સ જે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર, કેરલા મોકલવાનું હતું જે પાંડેસરા ચીકુવાડી થી ઉધના પોસ્ટૉફિસના રસ્તામાં કશે ગુમ થયેલ છે. જો કોઈ વ્યક્તિને એ બોક્સ મળે છે તો નીચે જણાવેલા નંબર પર જાણ કરવા

વિનંતી: ૯૯૭૮૯ ૮૩૬૬૯, ૮૨૬૪૮ ૮૮૬૫૮

ખાસ નોંધ: સાચી જાણ કરનાર વ્યક્તિને યોગ્ય વળતર આપવામાં આવશે.

લિ. હિમસન ઇન્ડસ્ટ્રીઅલ સિરામિક-૨૯૪/૧,જી.આઈ.ડી.સી,પાંડેસરા,સુરત.

# ક્રિકેટ રમ્યા બાદ દારૂ પીવા બેઠા અને પોલીસ ત્રાટકી

**વેસુના** ફ્લેટમાં મહેફિલ માણતા એક વિદ્યાર્થી અને ૧૬ વેપારી ઝડપાયા

**બ્રેથ** એનેલાઇઝરથી ચેક કરતાં 5 પોઝિટિવ આવ્યા

સુરતઃદિવાળી તહેવારની તકેદારીમાં પેટ્રોલિંગ કરી રહેલી વેસુ પોલીસને કંટ્રોલ રૂમમાંથી મળેલી બાતમીના આધારે મોડી રાત્રે મંગલમ પેલેસના ૧૧મા માળે આવેલા ફ્લેટમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અહીં વિદેશી દારૂની મહેફિલ માણી રહેલા ૧૭ વેપારીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે વિદેશી વ્હિસ્કીની ત્રણ બોટલો સહિત અન્ય સામગ્રી અને મોબાઈલ ફોન મળી ૫ લાખથી વધુની મત્તા જપ્ત કરી છે.આ કેસમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે.

વેસુ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ગત તા. ૧૭ ઓક્ટોબરની મોડી રાત્રે આશરે ૧૦.૪૮ વાગ્યે કંટ્રોલ રૂમમાંથી બાતમી મળી હતી કે, વેસુ આગમ વર્લ્ડની સામે આવેલા મંગલમ પેલેસના ૧૧મા માળે વિદેશી દારૂની પાર્ટી ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસ પાર્ટીએ

...અનુસંધાન પાના ૭ પર

### પકડાયેલા ૧૭ વેપારીઓ

(૧) સોમય વિશાલભાઈ ચૌધરી (૨૨, અભ્યાસ), (૨) રજત અજય બંસલ (૨૮, વેપાર), (૩) મેહુલ ભાવેશભાઈ ચૌહાણ (૩૦, વેપાર), (૪) ધીમ અંકુરભાઈ સામા (૨૯, વેપાર), (૫) શિવમ શ્યામ બીહાની (૨૮, નોકરી), (૬) રીતીક રમેશભાઈ અરોરા (૨૫, વેપાર), (૭) અનુજ શંકરભાઈ તોશનીવાલા (૩૦, નોકરી), (૮) કુશાન ભરતભાઈ તલક્રેજા (૨૧, વેપાર), (૯) કિષ્ના પવનભાઈ ભરાડીયા (૨૦, વેપાર), (૧૦) આદીત્ય રસીકભાઈ ગોસ્વામી (૩૩, વેપાર), (૧૧) વિવેક સુરેશભાઈ મનાણી (૩૩, નોકરી), (૧૨) દીપેન પ્રતાપગીરી ગોસ્વામી (૩૮, વેપાર), (૧૩) ભૈરવ અરુણકુમાર દેસાઈ (૨૪, વેપાર), (૧૪) દર્શન ભાવેશભાઈ ચોકસી (૩૧, વેપાર), (૧૫) રાહુલ નિર્મલકુમાર જૈન (૩૭, વેપાર), (૧૬) ઇમરાન અબ્દુલ કાદર સુરતી (૪૩, વેપાર), (૧૭) વત્સલ પ્રકેશચંદ્ર મોદી (૩૦, વેપાર).

# ગુંગો-બહેરો હતો છતાં બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કર્યો

**10** રૂપિયા બતાવી દુકાનમાં બાળકીને બોલાવી હતી

સુરતઃ મહિધરપુરા વિસ્તારમાં આવેલી એક દુકાનમાં કામ કરતા મૂંગા બહેરા યુવકે ગોડાઉન પાસે રમતી માત્ર છ વર્ષની માસૂમ બાળકી પર દાનત બગાડી, તેણીને પોતાની હવસનો શિકાર બનાવવાનો પ્રયાસ કર્યો હતો. બાળકીના પરિવારજનોએ આ અંગે મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી વિરુદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

૫ મહિધરપુરા પોલીસ પાસે મળતી માહિતી મુજબ,મૂળ ઉત્તર પ્રદેશના સુલતાનપુરનો વતની અને હાલમાં સુરતના બેગમપુરા વિસ્તારમાં ઝાલાવાડનો ટેકરો ઝૂંપડપટ્ટીમાં રહેતો અને મોહંમદ સલમાન ઈન્સાફ અલી (ઉંમર.૩૪) મહિધરપુરા વિસ્તારમાં આવેલ એવન ટ્રેડર્સ નામની દુકાનમાં પૂઠાં બનાવવાનું કામ કરે છે. ગતરોજ, દુકાનના પુઠ્ઠાના ગોડાઉનની બહાર

...અનુસંધાન પાના ૭ પર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**દુઃખદ અવસાન**



સ્વ. સુનિલભાઇ ચંપકલાલ ભૂખણવાળા
સ્વ. તા. ૧૮-૧૦-૨૦૨૫

સખેદ જણાવવાનું કે સુનિલભાઈ ચંપકલાલ ભૂખણવાળા નું દુઃખદ અવસાન આસો વદ તેરસ, શનિવાર તા. ૧૮-૧૦-૨૦૨૫ના રોજ થયેલ છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્ગતની સ્મશાનયાત્રા
રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી ઉમરા સ્મશાનભૂમિ જશે.
લિ. સ્વ. પ્રોફેસર અ.સૌ. શશીબેન સુનિલભાઈ ભૂખણવાળા
ઝરણા પ્રશાંત પરીખ — પ્રશાંત ચંદ્રકાંત પરીખ
ડો. મિતાલી નિતિન ગર્ગ — ડો. નિતિન કૈલાશનારાયણ ગર્ગ
ત્રિશલા, કવીશ, પાર્થવી, નિમિત
નિવાસસ્થાન : ઈ-૮૦૧, શ્રીપદ પાર્ક એરેના, પાર્ક એરેના રોડ, પાલ ઉમરા બ્રીજની પાસે, પાલ, સુરત

**દુખદ અવસાન**



સ્વ.ઇશ્વરલાલ નગીનદાસ ઘાએલ સ્વ. તા.૧૯/૧૦/૨૦૨૫
અમારા પિતાશ્રી શ્રી ઇશ્વરલાલ નગીનદાસ ઘાએલ
આજે તા. ૧૮-૧૦-૨૦૨૫ ને શનિવારે રાત્રે ૮:૦૫ વાગ્યે શ્રીજી ચરણ પામ્યા છે.
સદ્ગતની અંતિમ યાત્રા તા. ૧૯-૧૦-૨૦૨૫ ને રવિવારે સવારે ૯:૦૦ વાગ્યે અમારા નિવાસસ્થાનથી નીકળી વિરાવળ સ્મશાનભૂમિ જશે.
દિલીપકુમાર ઈશ્વરલાલ ઘાએલ (પુત્ર) (M)9426116400
પ્રતિભા યોગેશકુમાર સુખરામવાળા (પુત્રી)
નિલેશકુમાર ઈશ્વરલાલ ઘાએલ (પુત્ર) (M)9426116401
સ્વ. કેતનકુમાર ઈશ્વરલાલ ઘાએલ (પુત્ર)
હાર્દિક (રોની) દિલીપકુમાર ઘાએલ (પૌત્ર) (M)9898041414
ડો. મિલિંદ નિલેષકુમાર ઘાએલ (પૌત્ર) (M)8511149121
જનતા સ્ટીલ એન્ડ સેનેટરી સ્ટોર્સ, ચામુંડા સેનીટરીઝ.
નિવાસસ્થાન:- ૧૮-૧૯ ગોવિંદ પાર્ક સોસાયટી, મહિમા રો હાઉસની પાછળ સિંધી કેમ્પ, નવસારી.